# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

મુ.: વિંઝોલ, પો.: કાંકણપુર, તા.: ગોધરા, જિ.: પંચમહાલ-૩૮૮૭૧૩.


નં:એસજીજીયુ/વહીવટ/૨૦૨૪/૨૧૦૪ તા.૧૮/03/૨૦૨૪

**પરિપત્ર: ૩૩૨૨**

વિષય: કેસીજીના **TEERTH** પ્રકલ્પ અંતર્ગત **'Women Rights'** વિષય પર ઓનલાઈન વેબિનાર બાબત.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/ભવનોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓ અને અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, કેસીજીના **TEERTH** પ્રકલ્પ અંતર્ગત 'Women Rights' વિષય પર તા.૨૦/03/૨૦૨૪ના રોજ બપોરે 03:00 થી 0૫:00 દરમ્યાન બે કલાકના ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. વૈદિકકાળથી ગાર્ગી, આત્રેયી, કાત્યાયની, સીતા, સાવિત્રી, મીરાં, જીજાબાઈ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ જેવાં અનેક ક્ષેત્રોના એકાધિક નારીરત્નોનો ભવ્ય-દિવ્ય વારસો ભારતને મળેલો છે. તેમાં કાળક્રમે સમાજસેવકો, રાજપુરુષો, વકીલો અને નીતિ ઘડવૈયાઓ અને કેળવણીકારોના સતત પ્રયાસોને કારણે મહિલાઓએ તેમના અધિકારો મેળવવામાં નોંધપાત્ર લાભો હાંસલ કર્યા છે. જો કે હજુ પણ કેટલાક પડકારો દૃશ્યમાન છે. તેમ છતાં સામાજિક લિંગભેદની અસમાનતાઓને દૂર કરીને અને સમાજમાં સર્વગ્રાહી રીતે મહિલાઓ સંપૂર્ણપણે સમાન અધિકારો અને હક્કોને પર્યાપ્ત માત્રામાં જાણી અને માણી શકે તે હેતુથી **'Women Rights'** વિષયના Webinarનું આયોજન કરેલ છે. જે વિષયના ઉપર્યુક્ત Webinarમાં આપની સંસ્થામાંથી તમામ અધ્યાપકો, વહીવટી સ્ટાફ અને વિદ્યાર્થી ભાઈઓ અને ખાસ તો બહેનો મહત્તમ સંખ્યામાં જોડાય તે વધુ ઇચ્છનીય અને તેમના માટે લાભદાયક છે. જે માટે આ સાથે સામેલ લિંકથી રજીસ્ટ્રેશન કરવા સાદર અનુરોધ છે. ઉક્ત વેબિનારમાં સાતત્યપૂર્ણ રીતે બધો જ સમય જોડાયેલ દરેક વ્યક્તિને પ્રતીભાગી તરીકે ઉપસ્થિત રહ્યા હતા એ મુજબનું ઓનલાઈન પ્રમાણપત્ર આપવામાં આવશે. જેના માટે નીચેની લિંક દ્વારા રજિસ્ટ્રેશન કરવું અનિવાર્ય છે.

- **ઓનલાઈન વેબીનારમાં રજીસ્ટ્રેશન કરવા માટેની લિંક :- https://forms.gle/1hYExMUmreWEaypRA**
- **ઓનલાઈન વેબીનારમાં જોડાવવા માટેની લિંક :- https://bit.ly/webwr203**

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા

બિડાણ- ઉપર મુજબ.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/ભવનોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓ અને અધ્યક્ષશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે .

Education Department, Government of Gujarat

## Knowledge Consortium of Gujarat

सत्यमेव जयते

A One  Day Webinar on

# Women Rights



**Prof. (Dr.) Ami Upadhyay**

Vice Chancellor,

Dr. Babasaheb Ambedkar Open University

March 20, 2024

03:00 PM to 05:00 PM

**Registration Link : https://forms.gle/1hYExMUmreWEaypRA**

**Webinar Link: https://bit.ly/webwr203**

@KcgGujarat